જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૧૯ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૨૬/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટિયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી “આઈ” ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ અજય ઉર્ફે અજ્યો મગનલાલ ગોહેલ (ગોહીલ) ઉ.વ.૨૯ રહે. મફતલાલની ચાલી, ગજરાનગર, રબારી વસાહત, ઓઢવ અમ,અમદાવાદ શહેર નાઓ “જાહેરવ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે અજય ઉર્ફે અજ્યો મગનલાલ ગોહેલ (ગોહીલ) નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1427/19 તા.14/12/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે. સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હે.કો અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ તથા લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨ તથા લોકરક્ષક કરણભાઇ ગીરધરભાઇ બ.નં.૧૨૭૮૧ તથા લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં.૧૩૩૨ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આજરોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને વડોદરા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## નારોલ પોલીસ સ્ટેશન :

## પ્રોહીબીશન ની પ્રવુતિ સાથે સંકળાયેલને પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ  મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની નારોલ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૨૧૧A૧૯ ઇપીકો કલમ ૩૮૪,૩૪૨,૧૧૪ મુજબ સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહીબિશન સબંધી અસામાજીક પ્રવુતી આચરતા આરોપી મુકેશ ઉર્ફે મુકો ઇશ્વરભાઇ જાતે ચુનારા ઉ,વ ૨૭ રહે ચુનારા વાસ દશામાના મંદીરની બાજુમા નારોલ ગામ અમદાવાદ શહેર ની  ગુનાહીત પ્રવુતી સબબ પો.ઇન્સ શ્રી નારોલ પો.સ્ટે નાઓએ પાસા દરખાસ્ત ભરી પો.કમિશ્રી અમદાવાદ્ શહેર ને મોકલતા પીસીબી/ડીટીએન/પાસા/૧૪૨૮/૨૦૧૯ તા.૧૪/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર આરોપીને આજ-રોજ તારીખ.૧૪/૧૨/૨૦૧૯ ના કલાક.૧૮/૦૦ વાગ્યે બજવણી કરી રાજકોટ જેલ ખાતે પાસામાં મોકલી આપેલ છે. તા.૧૪/૧૨/૨૦૧૯



## ગુના નિવારણ શાખાની કામગીરી :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૧૪.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ પશ્ચીમ રેલ્વે વિસ્તારમા ટ્રેનમા મુસાફરી કરતા પેસેંજરોની નજર ચુક્વી મોબાઈલ ફોન તથા રોક્ડા નાણા તથા ઘડીયાલ વિગેરેની ચોરી કરી જાહેર જનતાને આર્થીક નુકશાન કરનાર ઇસમ અબ્દુલવહાબ અબ્દુલરહેમાન શેખ રહેવાસી- ૧૧૪૪ ભટીયારાની ચાલી,હોજવાળી મસ્જીદ,ગોમતીપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અબ્દુલવહાબ અબ્દુલરહેમાન શેખ રહેવાસી- ૧૧૪૪ ભટીયારાની ચાલી, હોજવાળી મસ્જીદ,ગોમતીપુર અમદાવાદ |

- અમદાવાદ શહેરના નારણપુરા, મેઘાણીનગર, વાસણા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોને વાજપાઈ બેંકેબલ યોજનામાથી લોન અપ◌ાવવાની લાલચ આપી વિશ્વાસમા લઈ લોન મંજુર કરાવવા સારુ લોકો પાસેથી રુપિયા મેળવી, લોન નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી જાહેર જનતાને આર્થીક નુકશાન કરનાર ઇસમ રાજુભાઈ ઉર્ફે મહેશભાઈ પટેલ સકરચંદ મોદી રહેવાસી- જી ૨૦૩ રત્નજ્યોત કોમ્પ્લેક્ષ નિર્ણયનગર વાડજ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાજુભાઈ ઉર્ફે મહેશભાઈ પટેલ સકરચંદ મોદી રહેવાસી- જી ૨૦૩ રત્નજ્યોત કોમ્પ્લેક્ષ નિર્ણયનગર વાડજ અમદાવાદ |

- આ ઉપરાંત અન્ય પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૨ ઇસમો મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને વડોદરા,રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# ચોરીના આરોપીની કરેલ અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

## મિલ્કત સંબંધી ગુનાનો ભેદ ઉકેલી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એસ.ચાવડા સાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી સંદિપ સ/ઓ રવિચન્દ પ્રકાશભાઇ કશ્યપ ઉ.વ.૨૭ ધંધો.નોકરી રહે હાલ : મહાદેવ ડાયન્ગ નામની ફેક્ટરી મુરારીભાઈ મિશ્રાની ફેક્ટરી ના અંદર બી.આર.ટી.એસ વર્ક શોપ ની પાછળ બોમ્બે હોટેલ દાણીલીમડા અમદાવાદ શહેર મુળ વતન ગામ.ઇસ્માઇલપુર નવરંગપુર મહોલ્લો તા.કનોજ જિ.કનોજ ઉતરપ્રદેશ નાઓને સ્પ્લેન્ડર મો.સા.નંબર જીજે.૦૨.એ.એલ. ૩૭૪૭ કિ,રુ,૨૫,૦૦૦/ ના મુદામાલ સાથે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી લઇ નારોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૨૭/૧૯ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

# ખુનની કોશીષના આરોપીની કરેલ અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

## ખુનની કોશિષનો અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત/શરીર સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એસ.ચાવડા સાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

ગઇ તા.૧૩/૦૧/૧૯ ના કલાક.૨૨/૩૦ વાગ્યાના સુમારે આ કામના સાહેદ (ભોગ બનનાર) રીઝવાન આશમહમદ અન્સારીનાનો દાણીલીમડા ચિરાગ પાર્ક સોસાયટી વાલદેન મસ્જીદ પાસે આવેલ દુકાન પાસે બહાર રોડ ઉપર ફોન ઉપર વાત કરતો હતો ત્યારે એક બાઇક ઉપર આવેલ અજાણ્યા બે ઇસમો ઉ.વ.૨૦ થી ૨૫ ના આશરા નાઓ પૈકી મો.સા.ની પાછળ બેસેલ ઇસમે સાહેદ રીઝવાન પાસે આવી ફોન પર વાત કરવા બાબતે બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી તેની પાસેના છરી વડે સાહેદ રીઝવાનના પેટના ભાગે એક ઘા મારી ઇજા કરી ભાગી જઇ ગુનો કરેલ હોય જે ગુનાની તપાસ દરમ્યાન કોઇ ફળદાયક હકીકત મળી આવેલ ન હોય જેથી સદર ગુનાના કામે વર્ગ " અ " પડત સમરી ભરવામાં આવેલ હતી અને સદર ગુનાના આરોપીઓની તપાસમાં હતા તે દરમ્યાન આજરોજ સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.સાથેના સ્ટાફના હેડ.કોન્સ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા પો.કો. જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો. ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો. મહેશકુમાર લાધુભાઇ બ.નં.૫૦૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા બેરલ માર્કેટ ઢાળ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો નં.(૧) મોહમદ હસનૈન ઉર્ફે નાનજી તોતલો ઉર્ફે સ/ઓ વાહિદભાઇ રંગરેજ ઉ.વ.૧૭ રહે : ન્યુ ફૈસલનગર વિ-એ આયશા મસ્જિદની બાજુમાં બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) સોએબ ઉર્ફે માધુરી સ/ઓ શરીફભાઇ મોહમદબસીરભાઇ શેખ ઉ.વ.૧૭ રહે : હરિયાળીનગર શાહેઆલમ મસ્જિદની બાજુમાં બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને સદર ગુનામાં વપરાયેલ મો.સા.નં.જીજે.૨૭.સી.એચ.૨૨૮૫ ની સાથે પકડી લઇ છેલ્લા અગિયાર મહિનાથી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૫/૧૯ ધી ઇ.પી.કો.કલમ-૩૨૪,૩૨૬,૩૦૭,૨૯૪(ખ),૪૨૭,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.